

ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે 'દશામા'ની મૂર્તિઓનું વિસર્જન કરાતા બાલારામ ધામ ગંદકીના ધામમાં ફેરવાયું છે. સરકારનાં પ્રતિબંધ છતાં પ્લાસ્ટિક ઓફ પેરીસની બનેલી મૂર્તિઓ બાલારામ નદીમાં પધરાવી દેવાતા નદીની સુંદરતાનો ગ્રહણ લાગવાની સાથે લોકોની ધાર્મિક આસ્થાને પણ ઠેસ પહોંચી છે. પ્રકૃતિના ગોદમાં બિરાજમાન બાલારામ મહાદેવ ખાતે બારેમાસ સહેલાણીઓ આવતા હોય છે. એમાંય વળી, શ્રાવણ માસમાં તો ભક્તિનું ઘોડાપુર ઉમટે છે. જોકે, દશામાના વ્રતની પૂર્ણાહુતિ ટાણે વ્રતધારી બહેનો દ્વારા બાલારામ નદીમાં દશ્માની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે જેના પગલે ફેલાયેલી ગંદકીને કારણે શિવભક્તો સહિત સલેહાણીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. નદીમાં ન્હાવાની મજા માણવા બાલારામ આવેલા બાલ શિવભક્તોએ આ ઘટનાને દશામાના અપમાન સમી લેખાવી હતી. સરકારે પ્રતિબંધ મુક્યો હોવા છતાં બાલારામ નદીમાં મોટાપાયે પ્લાસ્ટિક ઓફ પેરીસની દશામાની મૂર્તિઓ સહિતની પૂજા - સામગ્રીને પધરાવવામાં આવી છે. જે પગમાં ખુંદાતી હોઈ લોકોની ધાર્મિક લાગણી દુભાવાની સાથે નદી પણ પ્રદુષિત થઈ રહી હોવાની લાગણી કેટલાક શિવભક્તોએ વ્યક્ત કરી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઊંઝામાં વર્ષો જૂના દબાણો જેમના તેમ તંત્રની બેદરકારીથી લોકોમાં રોષ

ઊંઝા, તા. ૨૩

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષો અગાઉ દબાણ રજીસ્ટરે નોંધાયેલ દબાણોની આંકડાકીય માહિતી ઉપલબ્ધ છે પરંતુ પાછલા ૧૦ થી ૨૫ વર્ષ સુધીમાં થયેલ અનઅધિકૃત દબાણો બાંધકામોનો કોઈ સર્વે કરવામાં આવેલ ન હોઈ આવા ઘણા ગેરકાયદેસર દબાણો બાંધકામો દબાણ રજીસ્ટરે નોંધાયેલ નથી જેથી આવા દબાણોને આજદિન સુધી કોઈ આંચ આવી નથી.

ઊંઝા તાલુકા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત તંત્રોની બેદરકારી અને ઘોર ઉદાસીનતાને કારણે સરકારી તેમજ અન્ય જમીનો પર કેટલાયે અનઅધિકૃત દબાણો અને બાંધકામો થયેલા છે જેને હજી સુધી કોઈ સર્વે કરવામાં આવ્યો નથી. પરિણામે આવા દબાણો યથાવત રહ્યા છે અને નવા ગેરકાયદેસર દબાણો બાંધકામો વધતા જાય છે. તાલુકાના કેટલાક ગામોમાં સરકારી ખુલ્લી કે પડતર જમીન પર તેમજ ખાનગી જમીનો પર બિન પરવાનગીએ હાઈવેની આસપાસ જાહેર માર્ગો શેરી, મહોલ્લામાં ઠેર ઠેર જગ્યાએ દબાણો વધી ગયા હોવાનું કહેવાય છે. તેમ છતાં તંત્ર આ સમગ્ર મામલે મૌન ધારણ કરી તમાસો જોવે છે.

# ધનસુરા તાલુકા ભાજપ સંગઠનની બેઠક યોજાઈ

ધનસુરા, તા. ૨૩

આગામી ૨૫મી ઓગષ્ટના રોજ મુખ્યમંત્રી મોડાસાના પ્રવાસે છે. જેને અનુસંધાને આજે ધનસુરા તાલુકા ભાજપના સદસ્યો પદાધિકારીઓ અને કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી અને મુખ્યમંત્રીના સ્વાગત અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લાની રચના કરવામાં આવી છે. જેમાં મેઘરજ, ભિલોડા, ધનસુરા, બાયડ, મોડાસા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેને લઈ આગામી ૨૫મી ઓગષ્ટે મુખ્યમંત્રી ધનસુરા પ્રવાસે જવાના છે.

પરિણામે તેની તૈયારીના ભાગરૂપે આજે ધનસુરા ભાજપ સંગઠનની એક બેઠક યોજાઈ હતી. જેમાં ભરતસિંહ રહેવર, જયંતિભાઈ મુખી, અનિલભાઈ પટેલ, મનહરભાઈ દેસાઈ, તા. પંચાયત પ્રમુખ સુરાભાઈ સહિત અનેક પદાધિકારીઓ જોડાયા હતા જ્યારે રમાણા ગામના સરપંચ આ પ્રસંગે ભાજપમાં જોડાતા તેમનું ખેસ પહેરાવી આવકાર્યા હતા.

# ભિલોડા તાલુકાની કલ્યાણપુર પ્રાથમીક શાળામાંથી ઈલેક્ટ્રીક મોટર અને કેબલ વાયર ચોરાયું

ભિલોડા, તા. ૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની કલ્યાણપુર પ્રાથમીક શાળામાંથી ઈલેક્ટ્રીક મોટર અને કેબલ વાયર ચોરાયું આશરે રૂપીયા ૫,૦૦૦/-રૂપીયાનું નુકશાન થયેલ હોવાનું જાણવા મળેલ છે. ઈલેક્ટ્રીક મોટર સુરભી કંપનીની હતી. તસ્કરો રાત્રીના સુમારે મોટર અને કેબલ વાયરની ચોરી કરી પલાયન થઈ જતાં કલ્યાણપુર પ્રાથમીક શાળાના આચાર્યએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# કડિયાદરા ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે.એમ. તન્ના હાઈસ્કુલ, કડિયાદરા, તા. ઈડર ખાતે માર્ચ-૧૯૭૩માં ઓલ્ડ એસ.એસ.સી.માં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોનો સ્નેહમિલન સમારોહ તા. ૨૯, સપ્ટેમ્બર-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯.૩૦થી ૪.૦૦ના સમયે કડિયાદરા હાઈસ્કુલ ખાતે યોજાઈ રહ્યો છે. જેમાં ગુરૂજનોને સન્માનવાનો ઉપક્રમ રાખ્યો છે. તો માર્ચ ૧૯૭૩ બેચના સહાધ્યાયી મિત્રોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેલ વગેરે એસએમએસ દ્વારા તા. ૫-૯-૨૦૧૩ સુધીમાં મહેન્દ્ર દેસાઈ, મો.નં. ૯૯૯૮૦૧૮૬૬૯, ભીખુભાઈ કવિ મો.નં. ૮૧૪૦૭ ૬૨૮૨૨ તથા દિલીપભાઈ જે. પટેલ મો. નં. ૯૪૨૯૪૫૨૯૮૦૫૨ સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

# ધનસુરાના કીડી ગામે ઝેરી દવા ગટગટાવી લેતા પરણિતાનું મોત

ધનસુરા તાલુકાના કીડી ગામની પરણિત યુવતી શિવાનીબેન પટેલ રક્ષાબંધનના દિવસે પોતાના માસીના ઘરે ગયા હતા. જયાં તેમના પતિએ રોકાવાની ના પાડતા ઉશ્કેરાઈ યુવતીએ મચ્છર મારવાની ઝેરી દવા ગટગટાવી લેતા તેણીનું સારવાર દમરિયાન કરૂણ મોત નિપજયું હતું. આ મામલે ધનસુરા પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકાના ફતેપુર ગામમાં ઈસમ વિરૂધ્ધ એક્ટ્રોસીટીની ફરીયાદ નોંધાતા ચકચાર

ભિલોડા, તા.૨૩

ભિલોડા તાલુકાના ફતેપુર ગામના એક ઈસમ વિરૂધ્ધ એક્ટ્રોસીટીની ફરીયાદ ભિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પી.એસ.ઓ.મગનલાલ નિનામાના જણાવ્યા મુજબ ફતેપુર ગામના રહેવાસી અમરતભાઈ મોતીભાઈ વણકરે રાજુસિંહ હાથીસિંહ ચૌહાણના કપડા સીવ્યા હતા જેના રૂપીયા બાકી હોવાના કારણે અમરતભાઈ વણકરે કપડાની સીલાઈના બાકી રૂપીયાની ઉઘરાણી રાજુસિંહના ઘરે જઈ કરતાં આરોપી ઉશ્કેરાયો હતો મન ફાવે તેમ બિભત્સ ગાળો બોલી ફરીયાદીની ફેંટ પકડી કહ્યું કે સાલા ઢેંઢા, જતો રહેજે નહી તો તારૂ કાસળ કાઢી નાખીશ.જાતી વિરૂધ્ધના શબ્દો બોલીને અપમાનીત કરી બેચાર તમાચા માર્યા હતા. ઘરમાંથી કુહાડી લઈ અમરતભાઈ વણકરને મારવા દોડ્યો હતો ત્યારે ફરીયાદી નીચે નમી જતાં નાકના ભાગે ઈજા કરી કુહાડીના હાથાથી પીઠના ભાગે માર મારી તેમજ આ બનાવના ૨૦ દિવસ અગાઉ પણ ફરીયાદીના ભાઈ શાંતીલાલ વણકરે પણ રૂપીયાની ઉઘરાણી કરતાં બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

શાંતીલાલ વણકર તેમના ઘરે જઈ સંતાઈ જતાં રાજુસિંહે તેમના ઘર આગળ જઈ મનફાવે તેમ ગાળો બોલી લાકડાનો ખાટલો ઉંચો કરી પછાડી ભાગી નાખ્યો હતો.રાજુસિંહે તેમના ઘરમાં નુકશાન કરી જાતી વિરૂધ્ધના શબ્દો બોલી મનફાવે તેમ ઉદ્ધતાઈભર્યું વર્તન કરી અપમાનીત શબ્દો બોલી મે.જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરવા બદલ ભિલોડા તાલુકાના ફતેપુર ગામના રહેવાસી અમરતભાઈ મોતીભાઈ વણકરે આ ઘટના સંદર્ભે રાજુસિંહ હાથીસિંહ ચૌહાણ રહેવાસી ફતેપુર વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દર્જ કરી ગુ. ર. નંબર. ૦૦૭૫/૦૧૩ ઈ.પી.કો.કલમ. ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ. ૧૩૫ તથા એક્ટ્રોસીટી કલમ.૩(૧)(૧૦) મુજબ ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સલાલ ગામે દેવામાં ડુબેલા આધેડે ગળે ફાંસો ખાઈ લીધો

પ્રાંતિજ, તા.૨૩

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે એક આધેડે પોતાના પર દેવું વધી જતા અંતે આધેડે મરણદ્વારનો સહારો લેતા ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સ્થિત સલાલ ગામે રહેતા વેપારી શાંતિલાલ ભોગીલાલ શાહ ઉ.વ.૬૦ના માથે દેવું વધી ગયું હતું. અને ઉઘરાણી વાળાથી કંટાળી આખરે તેમણે સલાલ ગામ છોડી તેમની પત્ની સાથે કયાંક જતા રહ્યા હતા. દરમિયાન બે દિવસ પહેલા અચાનક જ પાછા સલાલ ગામે પોતાના ઘરે આવ્યા હતા અને પોતાના જ ઘરમાં આજે પંખા પર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આધેડે દેવામાં ડુબી ઉઘરાણીવાળાથી કંટાળી જીવન ટુંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે મૃતક શાંતિલાલ શાહના પુત્ર સુનિલ શાહે પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આ સંદર્ભે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે 'જય સાંઈનાથ' વિડિયો આલ્બમનો વિમોચન કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા.૨૩

પ્રાંતિજ શહેરના સ્નેહ આર્ટ દ્વારા શ્રી સાંઈબાબાનાજીના પ્રસંગોની ઝાંખી કરાવતા કર્ણપ્રિય ગીતોનું સુંદર ફિલ્માંકન દર્શાવતા ગુજરાતી ભાષામાં આરતી અને સાંઈ ચાલીસા રજુ કરતો વિડિયો આલ્બમ 'જય સોમનાથ'નું વિમોચન ગુજરાતના લોકલાડીલા પાર્શ્વગાયક અને ફિલ્મ અભિનેતા ભીખુદાન ગઢવીના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે આવેલ દશા શ્રીમાણી વણિક જ્ઞાતિની વાડીમાં તા. ૨૨ ઓગસ્ટ ૨૦૧૩ને ગુરુવારના રોજ રાત્રે ૯ કલાકે 'જય સાઈનાથ' વિડિયો આલ્બમનું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાર્શ્વ ગાયક તેમજ ફિલ્મ અભિનેતા ભીખુદાન ગઢવી, જમનાદાસ વકીલ, પાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ મકવાણા સહિત આલ્બમના કલાકારો તેમજ અભિનેત્રી માયા પટેલ હાજર રહેલ. જયારે ભીખુદાન ગઢવીએ પોતાના મધુર અવાજથી ગીત ગાઈને કાર્યક્રમમાં હાજર લોકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આલ્બમ બનાવનાર મનહરભાઈને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

# બોભા ગામની દુધ મંડળી ફરી ચાલુ થતા પશુપાલકોમાં ખુશી

પ્રાંતિજ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના તાજપુર કૂઈ પાસે આવેલ બોભા ગામમાં છેલ્લા ઘણા વર્ષોથી દુધ મંડળીના વધતા વિવાદોના કારણે બંધ થઈ ગઈ હતી. છેવટે વિવાદનો ઉકેલ આવતા દુધ મંડળીની નવી બોડીની રચના કરી ફરીથી ચાલુ થતા પશુપાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના બોભા ગામે વિવાદીત પ્રશ્ન ઉભો થતા કેટલાય સમયથી ગામમાં આવેલ દુધ ડેરી બંધ કરવામાં આવી હતી. પરંતુ અચાનક વિવાદનો અંત આવતા બોભા ગામે નવીન કારોબારી તેમજ નવીન ચેરમેનની વરણી કરી છે. જયારે ગામ લોકો અને ગામના આગેવાનોના સહકારથી ફરી દૂધ મંડળીનો સહયોગ મળી રહેશે જેથી પ્રાઈવેટ દૂધ મંડળીને ભારે આંચકો લાગ્યો છે. જયારે પશુપાલકોએ સરકારી દુધ મંડળીમાં દુધ ભરવાનું ચાલુ થતા પશુપાલકોને પોતાના દૂધનું પુરેપુરું વળતર મળશે અને પશુ વિમા સહિતની અન્ય સેવાઓ પણ મંડળ મારફત મળી રહેશે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૫૬ | ૭૮૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૯ |
| એરંડા | ૬૮૨ | ૬૯૨ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૪ |
| બાજરી | ૨૨૦ | ૨૯૮ |
| ગવાર | ૯૫૦ | ૧૦૪૦ |
| **સલાલ** | | |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મગફળી | ૬૭૦ | ૮૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૫ |
| બાજરી | ૨૦૫ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૦ |
| **પ્રાંતિજ** | | |
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| બાજરી | ૧૯૫ | ૨૦૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૨ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ગવાર | ૮૦૦ | ૯૮૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન | ૩૧૬ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૨૫ |
| મકાઈ | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૬૫ | ૬૯૦ |
| **મોડાસા** | | |
| રાયડો | ૫૨૫ | ૬૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૬ |
| બાજરી | ૨૬૦ | ૨૭૮ |
| મકાઈ | ૨૯૧ | ૩૧૮ |
| ઘઉં | ૩૧૮ | ૩૬૬ |
| મગફળી | ૩૫૦ | ૫૮૫ |
| ગવાર | ૯૦૦ | ૧૦૫૧ |
| ચણા | ૫૪૦ | ૮૦૭ |
| **ટીંટોઈ** | | |
| બાજરી | ૨૩૫ | ૨૫૭ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૮ |
| મગફળી | ૫૫૦ | ૬૫૧ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૫૦ | ૨૭૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૧ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૬૬૯ | ૬૭૩ |
| ગવાર | ૮૫૦ | ૯૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૫૦ | ૩૦૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૫ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૪૫ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| ગવાર | ૮૪૦ | ૯૩૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૦ |
| તુવેર | ૫૧૦ | ૬૦૦ |
| જુવાર | ૨૪૦ | ૨૯૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૫ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૭૦૦ | ૭૯૫ |
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૪ |
| બાજરી | ૨૨૫ | ૨૮૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૮૫૦ | ૧૦૫૦ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૬ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| મગફળી | ૬૫૦ | ૭૪૪ |
| ગવાર | ૭૫૦ | ૯૫૦ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |
| **કડી** | | |
| તુવેર | ૭૦૦ | - |
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |
| બાજરી | ૨૪૦ | ૨૯૫ |
| ગવાર | ૮૦૦ | ૧૦૭૫ |
| એરંડા | ૬૮૦ | ૬૮૬ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૧૯૯ | ૨૯૫ |
| એરંડા | ૬૮૨ | ૭૦૦ |
| રાયડો | ૬૦૬ | ૬૨૪ |
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૮૮ |
| જુવાર | ૫૨૦ | ૫૨૫ |
| મગફળી | ૫૨૫ | ૮૦૦ |
| ગવાર | ૬૦૦ | ૧૦૮૫ |
| **સિદ્ધપુર** | | |
| રાયડો | ૫૯૪ | ૬૨૩ |
| એરંડા | ૬૬૦ | ૭૦૮ |
| ગવાર | ૬૫૦ | ૧૦૯૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૬ |
| બાજરી | ૧૮૧ | ૨૮૫ |
| જુવાર | ૩૦૦ | ૭૦૬ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૪ | ૩૬૩ |
| બાજરી | ૨૦૦ | ૨૮૬ |
| રાયડો | ૬૮૦ | ૭૦૮ |
| જુવાર | ૨૦૦ | ૭૦૧ |
| ગવાર | ૯૭૧ | ૧૦૨૭ |
| રજકાના બી | ૧૪૦૦ | ૨૬૫૦ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૨૯૫ | ૩૪૬ |
| જીરૂ | ૨૩૨૨ | ૨૪૦૦ |
| રાયડો | ૫૭૭ | ૬૧૬ |
| બાજરી | ૨૧૦ | ૩૦૯ |
| એરંડા | ૬૭૫ | ૭૦૦ |
| ગવાર | ૧૦૩૫ | ૧૦૪૪ |
| **આંબલીયાસણ** | | |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૧૦ | ૨૭૮ |
| રાયડો | ૫૬૦ | ૬૧૫ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| **જોટાણા** | | |
| ઘઉં | ૩૦૩ | ૩૦૮ |
| એરંડા | ૬૭૧ | ૬૮૨ |
| ગવાર | ૧૦૮૫ | - |
| **હારીજ** | | |
| મેથી | ૫૫૦ | ૫૬૮ |
| રાયડો | ૫૮૫ | ૬૧૦ |
| એરંડા | ૬૭૫ | ૬૯૩ |
| સાસટો | ૨૪૦ | ૨૮૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| ઘઉં | ૨૯૧ | ૩૩૦ |
| ગવાર | ૮૫૦ | ૧૦૬૦ |
| ચણા | ૫૨૫ | ૫૮૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૭૦ |
| સવા | ૬૦૦ | ૬૬૧ |
| **કલોલ** | | |
| ઘઉં | ૩૦૭ | ૩૪૫ |
| એરંડા | ૬૮૨ | ૬૮૯ |
| બાજરી | ૨૩૦ | ૨૯૦ |
| રાયડો | ૫૫૦ | ૬૦૫ |
| ડાંગર | ૨૭૦ | ૩૧૫ |
| ગવાર | ૯૮૫ | ૧૦૩૫ |
| જુવાર | ૩૧૦ | ૩૮૪ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૯૨૫ | ૧૦૨૫ |
| **પાટણ** | | |
| જીરૂ | ૨૧૫૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૭૫૦ | ૧૨૫૦ |
| રાયડો | ૫૭૫ | ૬૩૭ |
| એરંડા | ૬૭૦ | ૭૦૪ |
| ઘઉં | ૨૯૬ | ૩૭૬ |
| જુવાર | ૨૫૦ | ૫૪૪ |
| બાજરી | ૨૨૫ | ૨૮૩ |
| ગવાર | ૯૧૪ | ૧૦૬૬ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૧૨૫ | ૨૮૯૩ |
| વરીયાળી | ૮૩૦ | ૧૮૬૧ |
| ઈસબગુલ | ૧૦૯૬ | ૧૪૦૦ |
| સરસવ | ૬૨૫ | - |
| રાયડો | ૬૦૧ | ૭૦૧ |
| તલ | ૧૮૦૦ | ૨૩૬૧ |
| સવા | ૬૫૧ | ૬૬૧ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૫૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૯૦ | ૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૬૦૦ | ૬૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૭૫૦ | ૮૫૦ |
| રીંગણ | ૩૦૦ | ૫૦૦ |
| રવૈયા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૨૦ | ૪૪૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૬૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચાં દેશી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૨૦ |
| ગાજર | ૨૦૦ | ૨૬૦ |
| મરચા ધોલાર | ૮૦૦ | ૧૦૦૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન